કાળો ચોર

જુગાર જારી જાણવા, ખલક ખુવારી મૂળ,
પણ પ્યારી સાથે જો રમો, તો થઈ ખુમારી ખુબ.

વાત ખરી છે, અનુભવીજનો પણ એજ વાત કહી ગયા છે કે જુગાર અને જારી જગતમાં ખુવારી કરાવનારાં છે, પરંતુ જો પોતાની પ્રિયતમા સાથે તે ખેલવામાં આવે તો ખુવારીને બદલે હૃદયને ખુમારીમાં મુકે છે, ને તેથી દરેક ચતુરને રસડનાર વિનોદનો સમય આવીજ રીતે અંતઃપુરમાં વિતાવે છે.

વસંતના તે દીવસો હતા. અવંતિનો જવાન નગરશેઠ કસ્તુરચંદ પોતાની પ્રિયતમા શશીકલાની સાથ ચોપાટ ખેલી રહ્યો હતો, પણ શશીકલાની ચાલાકી આગળ તે ચતુર નર હાર્યો ને જીતેલી સુંદરી ખુશાલીની તાળી પાડી બોલી ઉઠી, "તમે

હાર્યા, કેમકે જુગારના દાવ ખેલવામાં જે એક ખાસ લક્ષણ જોઇએ તે તમારામાં નથી, હવેથી આપ મિત્રોમાં બત્રીસલક્ષણા તરીકે ઓળખાવાને બદલે એકત્રીશલક્ષણા તરીકે ઓળખાવજો."

તે સર્વ વાતે પોતાની ચતુરને—પ્રવિણ પ્રિયતમાના પ્રેમમય કટાક્ષથી ઉભરાતા શબ્દોને મૃદુહાસ્યથી વધાવી લેતાં કહ્યું "પરંતુ કહેનો ખરી, કયું લક્ષણ—કઇ કળા મારામાં અપૂર્ણ છે."

તે મોતીના દાણા જેવા દાંતની પંક્તિ ચમકાવતી બોલી "તે કંઇ મારાથી કહેવાય? પતિને પત્નિથી શીખામણ અપાય?

તેજ વખતે દરવાજામાંથી ખડખડ હસવાનો અવાજ થયો ને "ના ન કહેવાય—ભાભી તમારાથી ન કહેવાય" કહેતો એક તરૂણ લહેરી લાલાજી ડોલતો અંદર આવ્યો. ઓહો, કમળાકર ભાઇ તમે ક્યાંથી!—" લીલાવતીએ જરા શરમાઇ જઇ સવાલ કર્યો, ને હા તે મહાપ્રધાનનો પુત્ર

પદ્મનાભ ઉર્ફે કમળાકર, શેઠ કસ્તુરચંદનો અંગત લંગોટીયો મિત્ર હતો સ્વભાવે રમુજી હતો, હજુ સુધી કુંવારો હતો,ને તેને ભવિષ્યમાં પણ કુંવરી જીંદગી ગાળવાના કોડ હતા, ને તેથી તેની રમુજ તેનું હાસ્ય જીંદગીભર ટકી રહે એવો સંભવ હતો, કેમકે પુરૂષનું હાસ્ય ને રમુજ તોફાનને મસ્તી ત્યાંજ સુધી રહે છે કે—

વળગે વીસનોરી નહિ, વળગે નહિ વ્યવહાર,
ત્યાંસુધી સહુ પૂરૂષની, જુઓ જગતમાં બહાર;
ચિંતા આવે ચોગણી, ચતુર આવે ઘેર,
વનિતાને વેંઢારતાં, વાંઢાની જાય લહેર.

પરંતુ સદભાગ્યે હજુ કમળાકરભાઈને એવી કોઈ વીસનોરી વળગી નહિ હોવાથી તે બંદો વધુ લહેરી હતો, છતાં ચતુર હતો, તે શેઠાણી શશીકલાનું કહેવું સમજી ગયો, ને અંદર આવતાં બોલ્યો "ભાભી ચતુરનરને પણ પોતાના અવગુણ અને પારકી અક્કલ નથી સમજાતાં, અમારાં

કસ્તુરચંદભાઇ સર્વ કળા સુજાણુ હોવા છતાં એક કળા તેમનામાં કંઇ નથી તે તેઓ નથી સમજી શકતા કહો તો હું કહું."

શશીકળા ને કસ્તુરનાં દીનકરને જોઇ ખીલેલાં કમળો જેવાં હાસ્યથી ઉભરાતાં મુખ કમળાકર તરફ ફર્યાં, કસ્તુરે કહ્યું "કહે જોઉ કઇ કળા–કયું લક્ષણ મારામાં અપૂર્ણ છે."

કમળાકરે હસી તેના કાનપર પડી કહ્યું.... અને કસ્તુરચંદ હસી પડયો, ને બોલ્યો "ખરેખર, એ કળા મારામાં નથી,–શશીકલા કમળાકરના હોઠ હલવા પરથીજ સમજી ગઇ કે તેને જે કહેવું હતું તેજ કમળાકરે કહ્યું હતું, ને તેથી તે પણ હસી."

"સે ચાલ હવે રાજા આપણી રાહ જુવે છે વનવિહાર કરવા જવું છે તે" કમળાકરે વાતનો વિષય બદલતા કહ્યું, ને કસ્તુરચંદ તૈયાર થઇ

પ્રિયતમાની રજા લઇ તેની સાથે દરબારગઢમાં આવવા નીકળ્યો.

અવંતિનો જવાન રાજા કસ્તુરચંદ ને કમળાકરનો અંગત મિત્ર હતો, તે મિત્રોની ત્રિપુટીમાં "જીવ એક દેહ જુજવા" જેવું અપૂર્વ હેત હતું, ને તે શુશોભીત બગીચામાં વસંતના ખીલેલા પુષ્પોની ખુશબો માણી રહેલો રાજા–અવંતિનાથ અત્યારે તે પ્યારા મિત્રોની રાહ જોઇ રહ્યો હતો, પરંતુ કમળાકર અને કસ્તુરચંદતો રાજા સંગીતશાળામાં હશે એમ સમજી સંગીતશાળા તરફ ગયા, ત્યાં રાજાને નહિ જોતાં કસ્તુરચંદને ત્યાં ઉભો રાખી કમળાકર બગીચામાં રાજાને શોધવા નીકળ્યો, કસ્તુરચંદ ત્યાં ખુશનુમા વિચારમાં ઉભો હતો, ત્યાં તેની નજર રાજમહેલની એક ગુપ્ત બારી તરફ પડી, ને તે ચમક્યો, ગુપ્ત દ્વાર માંથી એક દાસી કેટલાંક કીમતી કાપડથી ભરેલો બચકો લઇ છુપાતી બહાર નીકળી હતી,

કસ્તુરચંદને શક ગયો, ને તે ઉતાવળો પેલી રૂમ બારી તરફ ગયો, ને-કપડાં લઇ જતી દાસીને પકડી પૂછ્યું "કોનાં કપડાં ક્યાં લઇ જાય છે?"

તે સુણી, જેમ સાવજને જોઇ પાપી હરણનું ગભરામણ થાય, તેમ કસ્તુરચંદને જોઇ તે દાસીની ગભરામણ વધી, તુરતજ તે ફફડાતી-ફફડાતી બોલી "આ—આ કપડા પટરાણી કમળ નયનાનાં છે......તે......ધ......ધોવા......" ચતુર કસ્તુરચંદ આશ્ચર્યમાં પડી ગયો, તેણે તુરત પટરાણીની તે દાસીને જવા દીધી પરંતુ પોતે વિચારમાં પડી ગયો, તે મન સાથે બબડ્યો "શું પટરાણીના કપડાં તે ધોવાવાળાં?"......તે આ સંબંધી વિચાર કરે એ પહેલા કમળાકરની રૂમ આવી, "રાજન અહિં છે, કસ્તુરચંદ આમ આવ" કસ્તુરચંદ તુરતજ તે તરફ ગયો, રાજાએ આજે તેને 'એકશીલાનગરીનો કર્તા' કહી આવકાર આપ્યો,

ને તે સમજી ગયો કે કમળાકરે તેની પ્રિયાના બોલ રાજાને કહી દીધા છે તેણે હસતાં હસતાં કમળાકરનો કાન પકડયો 'લુચ્ચા કહી દીધું કે ?'

તે આનંદ વીનોદ, મીત્રોના ઠઠ્ઠામશ્કરી કંઇક ઘણુ વખત ચાલને પણ ત્યા રથવાહકે આવી ખબર આપ્યા કે 'વનવીહાર માટે રથ તૈયાર છે' તુરત રાજા મીત્રોને રથમાં બેસવાનું કહી પોતે પોતાની પ્રીયતમા-પટરાણી કમલનયનાની રજા લેવા ગયો, તે પ્રભુની જપમાળા જપતી યુવતી કમલનયનાને પ્રીય પતીને આલીંગન આપી વનવીહારની રજા આપતાં કહ્યું 'આપ ભલે જાઓ, પરંતુ રાત્રીના વહેલા વળજો આપના દર્શન વગર હું રાત્રીનું ભોજન નહી લઉં.

રાજા પ્રીયતમાની પતી ભક્તીનું ચુંબનથી સ્વાગત કરતો સાંજના વહેલા પાછા વળી આવવાની કબુલાત આપને આ પટરાણી તેને જતો જોવા ઝરૂખે આવી યુગલ આલીંગનમાં ઝુકી ગયેલા

મોટલો ઝરૂખે આવી તે બાંધવા લાગી, બાંધતાં બાંધતાં તેનો અંગમરોડ ને અંબળ નજરો ઉપર ઝરૂખા નીચે રથમાં બેઠેલા કસ્તુરચંદની નજર પડી, તે ચતુર શેઠીયે, રાજાનાં અંતઃપુરમાં જતાં આવતા કમળાકરને પુછ્યું આ કોણ? તેણે કહ્યું એજ રાજાની નવી પટરાણી કમલનયના.

કસ્તુરચંદ વીચારમાં પડી ગયો ને બોલ્યો, 'લક્ષણ કંઈ સારાં નથી લાગતાં' કમળાકર બોલ્યો 'તેં કેમ જાણ્યું પ્રભુ.' શેઠીઓ બોલ્યો એ તો શાસ્ત્ર જાણનાર કોઇપણ જાણી શકે, જેને કોઇ શાસ્ત્રમાં કહ્યું છે કે—

ઝરૂખે જઇ અંબોડો છોડે,
આંખ ચડાવી આંખ મરોડે.
ચતુર નર સમજે તે સાર,
નીશ્ચય તે વ્યભીચારી નાર.

એમ કહી તે પેલાં કાદવથી ખરડાયાં કમલાંની ગાલ ઉંડે. માજનો જનો, એટલામાં રાજા આવી

જવાથી તે મીત્રોએ વાત બંધ પાડી, રથ આવ્યો, સુંદર ઉપવનનો રસ્તો.

વસંતે ઉપવનને યૌવન આપ્યું હતું આંબે આંબે કામદેવનાં સંગીત ગાતી કોકીલાઓ ટહુકતી હતી, પુષ્પે પુષ્પે ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા ને પુષ્પોની સુગંધી લઇ ફરતો પવન મીત્રોનાં મગજ સુગંધથી તર કરી દેતો હતો આવો સુખાનુભવ લેતા તેઓ એક સુરમ્ય નદીના તટ પર આવલી કુંજમાં આવી પહોંચ્યા, અગાઉથીજ ત્યાં ભોજન વીગેરેની સામગ્રીઓ તૈયાર રાખવામાં આવી હતી, ત્રણે મીત્રોએ ત્યાં ઉતરી, સ્નાન ભોજન ને રમત ગમતનો આરંભ કર્યો, ખરે ખર એકાંતમાં સુખાની અને મીત્રોની ગોષ્ટ પણ બે પળવાર કરતાં વધુ ટકતી નથી, અહીં પણ તેમજ થયુ મીત્રો અરસપરસ એક બીજાનાં હૃદય ખોલી મોટાઇના આડંબરને દુર કરી શીવાય આનંદ ક્રીડા કરવા લાગ્યા, આમ કરતાં સાયંકાળ થયો ને કમળાકર

[illegible] ઓણે આકાશ તરફ નજર કરી, તેજ હીન થઓ સૂર્ય જાણે ધનહીન થયેલા નીસ્તેજ પુરૂષ વેશ્યાને આંગણેથી જાકારો મળતો હોય તેમ આકાશરૂપી વેશ્યા તને હાંકી કાઢતી જણાય છે.

બન્ને મીત્રોએ કમળાકરના કાવ્યમય વાકયને વધાવી લીધું, વેશ્યાને યારની વાત પરથી રાજાને પોતાની [illegible] તમ યાદ આવી તેણે તુરતજ કહ્યું ચાલો ચાલો હવે ઘર તરફ મારી પ્રીતમા મારા શીવાય ઝુરતી હશે.

કમળાકર હસી બોલ્યો, 'તમે તો બહુ અધીરા થા કરતું ચંદ કઈ પોતાની શેઠાણી માટે ઉતાવળો આતુર નથી થતો.

રાજાએ કહ્યું હસીને 'એની શેઠાણીને મારી પટરાણીમાં ફરક છે, એ વહેલી જાય ઘેર તો પણ શેઠાણી તો પેટ ભરીને જમી બેસશે જ્યારે મારી પટરાણી મારા દર્શન વગર ભુખી મરશે.'

રાજાની આ સ્વપ્રીતાની મશ્કરીના શબ્દોએ કસ્તુરચંદનું લોહી ઉકાળ્યું, છતાં તે ધીરજથી માર્મીક શબ્દમાં બોલ્યો 'મહારાજ એ તો કંઇ કહી શકાય નહીં, તમો ધારો છો, એથી ક્યાંક ઉલટું પણ હોય. એ તો ક્યાંક કીચડમાં કમળ ઉગે, ને સુંદર સરોવરો શેવાળવાળાં હોય છે.'

એટલે એટલે તું શું એમ કહેવા માગે છે કે, તારી શેઠાણી સતી છે અને મારી પટરાણી પતીત છે? 'રાજા જરા ટટ્ટાર થઈ બોલ્યો, હાસ્ય વીનોદની વાત જરા ગંભીર સ્વરૂપ પકડતી જણાઇ કસ્તુરચંદે જરાપણ ન ઉશ્કેરાતાં ડહાપણથી જવાબ આપ્યો 'મહારાજ એતો બાંધી મુઠી સવાલાખની બોલવામાં સાર નહીં.'

'નહીં તારે તે સ્પષ્ટ કરવુંજ પડશે' તે રાજા રાજહઠની વલણ લેતાં બોલ્યા, કમભાગ્યે આ વાત વીસરાવા બદલે વાતો વચ્ચે નાંખવા માંડી એક મશ્કરી કરી. પરંતુ—

રાજા બાળક નારીને થોડા હદ મશહુર,
મરતાં પણ મુકે નહી શાખી વાત લગીર;

અને રાજાને સ્પષ્ટ ખુલાસો કરવાની હઠ પકડીજ બેઠેલો જોઇ કસ્તુરચંદે કહ્યું 'મહારાજ મારા મુખે સ્પષ્ઠ કરાવા કરતા આપજ એક રાત્રી અંતઃપુરમાંથી ગેરહાજર રહી રાત્રે એકાએક જઇ સ્પષ્ટ કરી લેજો' એમ કહી તે ઉઠયો, રાજા વીચારમાં પડી ગયો, ને આજેજ એ પ્રયોગ કરવાના નીશ્ચય પર આવ્યો ને કહ્યું 'ઠીક છે હું આજેજ તેમ કરૂં છું કમળાકર તું જા. ને આમારી ઘણી વાળી મુદીતા પટરાણીને આપી ખબર આપ કે આજ રાતના રાજા શીકાર મુકામજ રહેનાર છે તેમ જણીનાં દર્શન કરી જણી હ્યો.'

તુરતજ કમળાકરે તે વીડી લીધી ને કસ્તુરચંદ સાથે નગરનો રસ્તો પકડયો, જ્યારે રાજા મનમાં થયેલી શંકાથી વ્યાકુળ બનેલો વીચાર

ગૃહમાં જઈ બેઠો, ને તે વાતને ઢાંકવા જાણે રાત્રી અંધકાર રૂપી પછેડો પૃથ્વીપર નાંખતી હોય, એમ ચોતરફ રાત્રીનો અંધકાર છવાઈ ગયો.

પરંતુ કસ્તુરચંદના શયનગૃહમાં રાત્રીના અંધકારને આવવાનો અવકાશ નહી મળ્યો હતો, સૂર્યના જેવી પ્રકાશીત રોશની અંતઃપુરમાં ઝળગી રહી હતી ને સતી શિરોમણી શશીકલા પ્રીયતમની રાહ જોઈ રહેલી એક સામુદ્રીક શાસ્ત્રનાં પાનાં ફેરવતી હતી જેમાં ! એક પુરેપુરાં બત્રીશ લક્ષણાં નરનારીને જે સંતાન થાય તે ચક્રવર્તી થાય ને જે દેશમાં તેઓ વસતા હોય ત્યાં પાણીની અછત કે દુષ્કાળ ન નડે એવી જાતનું વર્ણન હતું. શશીકળા તે વાંચવામાં તલ્લીન હતી એટલામાં પાછળથી પ્રીયતમ દાખલ થયો, તેણે સ્નેહથી પ્યારીની આંખો દાબી ચુંબી લીધી ને તે હસ્તી હસ્તી પતીના ખોળામાં પડતાં બોલી આ વાંચો.

કસ્તુરચંદ તે વાંચી પ્રીયતમાની આંખમાં

ચમકનો ભાવ સમજી ગયો, કે તેણી પણ તેવાજ બાળકની માતા થવાની ભાવના કરતી લાગે છે ને તેથી બોલ્યો "ચાર ભારે હું પણ એક અપૂર્ણ રહેલું લક્ષણ--કળા--મેળવી લઈ બત્રીશ લક્ષણો બની તારી મનોકામના પુરી કરીશ' એમ કહી પ્રેમથી હૃદયમાં ચાંપી દીધી, તે પ્રગલભા-શરમાઇ ગઇ, લજવાઇ ગઈ, ત્યાં દાસીએ આવી ખબર આપ્યા કે 'ચમત્કારકરની પેઢી પરથી એક સાંઢણી સવાર કંઇ અગત્યનો સંદેશો લઇ આવ્યો છે'

શેઠ તુરતજ પ્રિયતમાને દુર કરી સાંઢણી સ્વારને અંદર બોલાવ્યો, ને તેણે નમી એક રુક્કો તેના હાથમાં આપ્યો જેમાં પેઢીના મુનીમે જણાવ્યું હતું કે 'માળવાથી આવેલો માલ ચમત્કારકરના રાજાએ વધુ દાણ લેવા માટે અટકાવ્યો છે ને તેનો નિર્ણય આપના શીવાય થઇ શકે એમ નથી, માટે આપ તુરત આવો.'

શેઠ કાગળ વાંચી વિચારી સ્વારને કહ્યું

'રાત્રીના વિસામો લે આપણે સહવારે વહેલા અહિંથી નીકળી જઈશું" તે તુરતજ નમી ગયો, કે શેઠની વાત સાંભળી ચિંતાતુર બનેલી સતી શેઠાણી પાસે આવી બોલી 'નાથ શું છ માસની લાંબી મુસાફરી આપ કાલે સહવારથી આરંભશો ?'

તેણે કહ્યુ 'હા, કેમકે લક્ષ્મીને અર્થ પ્રાપ્તિને ચાહનાર મનુષ્યે, આળસ, ભય નિંદ્રા ને દીર્ઘસુત્રતા ત્યાગવાજ જોઇએ, માટે મારે પણ કાલેજ જવું જોઇએ.' એમ કહી તેણે પ્રિયતમાને સંતોષવા હૃદય આલીંગન દીધું, અહો અહો ખરેખર, સતિ સ્રીને પતિ વિયોગ સમાન બીજું કોઈ દુઃખ નથી, હૃદય આલીંગનથી પણ તે વિરહની ચિંતાએ વ્યાકુળ થયેલું ચંદ્રમુખ ફરી નહીંજ ચમક્યું.

આવો એ સતિની વ્યાકુળતાનું સમાધાન કરતા કસ્તુરને મૂકી આપણે જરા રાજાની તપાસ લઇએ, તેણે પટરાણીને સંદેશો કહેવરાવી પછી શું કર્યું, તે જાણવા જેવું છે, રાત્રિના પહેલો

પહોર પસાર થતાં તે મિત્ર કમળાકર સાથે છૂપા લેબાસમાં રાજમહેલમાં દાખલ થયો, એક વૃક્ષની પાછળ છુપાયા, પરંતૂ તેઓને વધુવાર ખોટી થવું પડયું નહિ કેમકે થોડીજ વારમાં પેલું ગુપ્ત દ્વાર ઉઘડ્યું, ને સોળે શણગાર સજેલી પટરાણી દાસીના હાથમાં ભોજનનો થાળ લેવરાવી દાસી સાથ બહાર નીકળી, ને રાજાની આંજ આંખ ફાટી રહી, આતે સ્વપ્ન કે સાચુ ? પોતાના દર્શન વગર પાણી નહિ પીનાર પતિવ્રતા (?) પટરાણી પોતાની ગેરહાજરીમાં ક્યાં જઇ રહી છે? તે જાણવા પહેલાંતો તેને રૂવે રૂવે આગ પરજરી, તેણે તલવાર પર હાથ મુક્યો, ને કમળાકરે ઝટ કાની કહ્યું 'સંપુર્ણ જાણ્યા શીવાય કંઇ પણ સાહસ ન કરતા—ને જાણો તો પણ કંઇ કર્યા ન કરતા.

કમળાકરની શીખામણ રાજાએ અટકાવ્યો, તે તે બન્ને પટરાણીની પાછળ પાછળ છૂપાતા

આસા તે ગામના કોટની એક છુપી બારી વટાવી
ગામ બહાર આવી—વચમાં નદી આવતી હતી,
તે ઓળંગી, નદી કીનારાનો કિચડ ખુંદતી તે
નદીને સામે પારના સ્મશાનમાં ગઇ, કે જ્યાં એક
અઘોરનાથ નામનો ખાકી બાવો ઝુંપડી કરી
પડયો હતો. દાસીને ઝુંપડી બહાર ઉભી રાખી તે
અંદર ગઇ, ને કમળાકરથી બોલાઇ જવાયું ખરે
ખર વિશ્વાસુ નૈવ કર્તવ્યઃ સ્ત્રીષુ રાજ્યકુલેષુ
ચ—અર્થાત સ્ત્રિ તેમજ રાજકુળનો વિશ્વાસ કરવો
નહિ એ શાસ્ત્ર વાક્ય અહિ સાચુ પડે છે.

પરંતુ તેના એ બબડાટને સાંભળવા અત્યારે
ઉશ્કેરાયેલા રાજાને કાન નહી હતા, તે તો પેલી
દાસીને પકડી રાખવા કમળાકરને કહી ઝુંપડીની
અંદર ધસ્યો, જઇને જોયું તો અફસોસ રાજ
શયાની માણનારી બાવાની ભભુતની શયામાં
કીમતી વસ્ત્રો રગદોળતી તે પાંખડી ને મસ્ત

બાવાના હાથમાં--બાથમાં--આલીંગનમાં સપડા-ચેલી હતી.

ક્રોધાતુર રાજાએ એકજ તલવારને ઝટકે તે પાપીણીને સામે થયેલા તેના યાર--પાખંડી સાધુને પરલોક પહોંચાડયાં, કમળાકર આ હત્યા અટકાવવા ત્યાં દોડી આવ્યો પરંતુ તે આવે એ પહેલા રાજાએ પોતાના ક્રોધને પરીણીત કર્યો હતો ને ક્ષીપ્રાનાં ગંભીર પાણીનો ખલખલ આવાજ, તે વહી ગયેલાં યૌવનને કમોતે કરમાયેલા કુળને માટે રડતાં હોય, કે પછી આર્યાવર્તની આ રત્નની આવી અધોગતી જોઇ રડતાં હોય--તેમ તે અંધારી રાત્રીમાં વધુ ખળખળતાં અવાજ કરી રહ્યા હતાં, શીવાય, રાજા, રાજાની તલવાર ને બે હત્યા જોઇ હેબતાઇ ગયેલો કમળાકર, સર્વ ચુપ હતા × ×

પાપને ખુલ્લાં કરનાર પોહ ફાટયું આકાશે ઉષા પ્રગટી રાતભર વીયોગમાં, ઝુરેલા ચકવા ચકવી દોડી એક થયાં, ત્યારે કસ્તુરચંદ વીદેશ

જ્યા પ્રીયતમાથી છુટો પડતો હતો, તેણે જતાં જતાં કહ્યું 'પ્રીયતમા, તૂ સતી છે અને તારીમાં પુર્ણ વીશ્વાસ છે છતાં મુનીવરના પણ મન ચળાવનાર કામદેવ વધૂ બળવાન છે તે અટક્યો વધું બોલી શક્યો નહી

ચતુર રમણી સમજી ગઇ તે બોલી 'નાથ નચિંત રહો બળવાન કામથી પણ મારૂં અંતર ધ્રુંવ બળવાન છે.'

'હું કબુલ કરૂં છું પરંતુ રૂતુ, ખોરાકને સંગ તથી તે નિર્બળ થતું જણાય તો તો તું કોઇ ગુણવાન પુરૂષથી પ્રસંગ પાડજે કે જે તારૂ શીલ ને મારી આબરૂ અવશ્ય સાચવશે'

પતિની આ વાતે સતીની આંખમાં આંસુ આવ્યાં તે બોલી 'નાથ હું પ્રતિજ્ઞા કરૂં છું કે આપ આવો ત્યાંસુધી રૂતુ અનુસાર ખોરાક શયા અંજન ને અન્યની સંગત છુ સર્વ તજુ છું આપ નચીંત થઇ પધારો.'

શેઠ સંતોષ પામી પ્રેમથી પ્રિયાને આલીંગન કરી ઉગતા સુર્યને નમસ્કાર કરી સાંઢણીપર સ્વાર થયા, ને થરપારકરને રસ્તે પડયા થોડી વારે રાજા તરફથી કમળાકર કસ્તુરચંદને બોલાવા આવ્યો, પણ શેઠાણીના હુકમથી દાસીએ તેને બહારો બહારથી જવાબ દઇ પાછો કાઢયો કે—'શેઠ એકાએક કામ આવવાથી બહારગામ ગયા છે, તમે તે આવે ત્યારે આવજો'

કમળાકરને કંઇક માઠું લાગ્યું સાથે થોડી અજાયબી થઇ, શેઠાણીએ પતીની ગેરહાજરીમાં તેની મુલાકાત લેવા કાં ના પાડી. તેનું રહસ્ય તે કુવારો કમળાકર સમજી શક્યો નહિ, તે મનમાં ગુંચવાતો રાજદરબાર તરફ પાછો ફર્યો, પણ એટલામાં રસ્તામાં તેણે અવંતીના લોભીને અસલ ઠગ શેઠીઆ દેવકળશને એક બાળક ઉપર જુલમ કરતો જોયો ને તે જોઇ કમળાકર તુરત તેની મદદે દોડી ગયાં.

શેઠની અવકૃપાનો ભોગ થયેલો તે એક સદાનંદ નામનો ગરીબ શુદ્ધ બ્રાહ્મણ હતો, શેઠ તેના ઉપર ચક્રવાદ્ધ વ્યાજ સાથનું લેણું માંગતા હતા, તે આપી ન શકવાથી શેઠ તેને પોતાના ગુમાસ્તા પાસે ઘસડાવી રાજા પાસે દંડવા લઈ જતા હતા, તે ગરીબ શુદ્ધ બ્રાહ્મણને ઘસડાતો જોઈ તેની સુંદર વદન પુત્રી કુમારી મેનાની આંખમાંથી દડ દડ આંસુ સરી રહ્યાં હતાં, છતાં તે લોભીને ટકા કર્મ—ટકા કર્મ માનનારા હૈયાશાને જરા પણ દયા આવતી નહીં હતી ખરૂ કહ્યું છે કે—

પથ્થરને પોલાદનું બન્યું લોભીનું દીલ,
પીગળાવ્યું પીગળે નહી, વજ્ર સમુ મુશ્કીલ,

કૃપણશાનું દીલ તો તે કરતા પણ બહુ કઠોર હતું, છતે બ્રાહ્મણના કલાવાલા કે તેની પુત્રી મેનાના અશ્રુપાતન પીગળાવી શક્યાં, પરંતુ એજ વખતે આવી પહોંચેલા કમળાકરે તેને અટકાવી

કહ્યું 'શેઠ, શેનું વસુલ કરવા શું આવો હુકમ આદરી બેઠા છો?'

શેઠ કમળાકરને રાજાના બીજને જોઈ જરા બીજો પડ્યો ને બોલ્યો 'શું કહું બાપા. આ બ્રાહ્મણ વાયદા કરે છે, પણ નાણાં કાઢતો નથી'

બ્રાહ્મણે વગર માંગ્યે મદદે આવી પહોંચેલા કમળાકરને પગે લાગી કહ્યું 'ભાઈ મને એક માસનો વાયદો અપાવો છું તે દરમ્યાન કંઈ સગવડ ઉતારી આપીશ.'

શેઠની ઇચ્છા તો એક પળ પણ વધુ ખોટી થવા દેવાની ન હતી, પરંતુ શું કરે, કંઈ કમળાકરનું માન તો રાખવું જોઈએ, ને તેથી કમળાકરના કહેવાથી જ તે લોભી વાણીએ બ્રાહ્મણને આપેલો વાયદો નમરતે મને કબુલ કર્યો, ને તે ગયો, કમળાકર પર બ્રાહ્મણ આજ તેની જુવાન કન્યાને પોતાને આપી ગયો, એવો તે ઉપકારી નરને અનન્ય ભાવથી જોઈ રહી, કહો ને કે ન્હાળ્યો,—

ઉપકારને બદલે દઈ ઉર આનતી આભાર તે,
કંઇ નેહ નજરે નીરખતી સંભારીને ઉપકાર તે.

'પરંતુ આપણા કુંવારા કનૈયા કમળાકરને હજુ તેવી નેહ નજરોનો પરિચય નહિ હોવાથી તે તો આસકની પેઠે નીચું મસ્તક કરી સીધો રાજદરબારમાં પહોંચી ગયો, રાજા કચવાતો, કસ્તુરચંદને કેમ મોઢું દેખાડાશે,' એ વિચાર કરતો બેઠો હતો, ત્યાં કમળાકરે આવી ખબર આપ્યા કે 'કસ્તુરચંદ બહારગામ ગયા છે ઓચીંતુ કામ આવવાથી ને ઘેર શેઠાણી એકલાં છે.'

રાજાના મોઢા પર હર્ષ પથરાયો શું 'ઘેર એકલાં છે?' ત્યારે તો ઠીક પડશે, તેની કસોટી કરી કસ્તુરચંદની મુછનું પાણી ઉતારવામાં મજાહ પડશે, નહિ તો તે મને આવી વાત વાતમાં મેણુ મારશે.' તે એ વીચારી, પોતાની પટરાણીના કુલ્યથી ચારમાતો રાજા દૈવથી બોલ્યો.

કમળાકર રાજાના ભયંકર વીચાર જાણી

કંપી ઉઠયો ને બોલ્યો 'મહારાજ આ શું બોલો છો ? મીત્રના ઘર પર આવી કુદ્રષ્ટી, ખરેખર રાજા મિત્ર નહિ, એ કહેવત તમે ખરી પાડશો?

રાજાએ હસી કમળાકરનો હાથ પકડી બેસાડતાં કહ્યું બળાત્કાર નહી કરૂં, પરંતુ તે બોલાવશે તોજ જઇશ.'

'તેમ કદી બને નહી શેઠાણી સતી છે સતી કદી એવો વીચાર કરે નહી ને નેવનાં પાણી મોભે ચડે નહીં' કમળાકરે પવીત્ર દીલના વેગથી આવેશ'રંગીમાં પહેલ વહેલાજ ગંભીર થઇ કહ્યું.

રાજા કપટનુ હસ્યો જોઇશું આજવાળી તોબ રાત, સતી તોબ કામીની જાત એમ કહી તે કમળાકરથી છુટા પડયો. છતાં તે ઇર્ષાવશ થયેલા રાજાના અંતરમાં ઘોળાતી નીચવાત તેના હૃદયથી છુટી ન પડી, તે કસ્તુરચંદ આવી શેઠાણીને પટરાણીનો મુકામલો કરી પોતાને મેળવા માટે એ પહેલાં કસ્તુરની પતીવ્રતા આને પતીત કરવા

થતો હો, ને તેણે જ્યારે જોયું કે કોઇ દુતીની પણ શેઠાણી મુલાકાત લેતી નથી. ત્યારે તે કપટી રાજાએ નવું કપટ કર્યું, ને પોતાના રાજવૈદ પાસે કામગર્ભક મદનરસ રસાયણી પ્રયોગથી તૈયાર કરાવ્યો કે જેનું પાન કરતા બાર કલાકમાં મનુષ્ય કામથી બ્હીવળ થાય, સારા સારનો વીવેક ભુલી જાય.

આ મદનરસ તૈયાર થતાં–તેણે કમળાકરને બોલાવી કહ્યું કે આ પવીત્ર ગંગાજળ છે ને તે શ્રીપાલપુર જતાં રસ્તામાં આવતાં ગંગાજીથી કસ્તુરચંદે એક આ તરફ આવતા સોદાગર સાથે તેની પત્નીને આપવા મોકલ્યું છે માટે જા આપી આવ.

રાજાની કપટ બુદ્ધીથી અજ્ઞાન કમળાકર, ફોજદાર તે બનાવટી ગંગાજળ (મદનરસ) લઇ કસ્તુરચંદને ઘેર ગયો, ને દાસીદ્વારાં તે શેઠાણીને પહોંચાડ્યું, શેઠાણીએ પતીની પ્રસાદી સમજી તે

જળની સ્વાદવાળુ કામવર્ધક રસાયન ગંગાજળ ગણી પીધું, અને અફસોસ તેના ભાગ્યચક્રને વાંકું કીધું.

જ્યારે રાજા આમ પોતાનાજ પુત્ર પુત્રી રૂપી પ્રજાને છળવા તેની ઉપર કૂદૃષ્ટી કરે, ત્યારે કુદરત પણ કોપે છે, ને રાજ્યમાં નાના મોટા ઉત્પાત શરૂ થાય છે, રાજાની મલીન બુદ્ધી થઇ તે દીવસથી નગરમાં નાના મોટા ઉત્પાત થવા શરૂ થયા હતાં, ને એક કાળો ચોર નામના અતી ચતુર ચોરે ગામના શાહુકારોને લુંટવાની શરુઆત કરી દીધી હતી, ગઇ રાત્રેજ હોફળશાનો પટારો લોહચુંબકની મદદથી ચોરે ફાડ્યો શેઠ જાગી ઉઠ્યા, બુમો પાડી કોટવાળ અને સીપાઇઓની મદદ આવ્યા, પણ ચોર ચાલાકીથી ધનની કોથળીઓ સાથે જે પડમાં શેઠની ગુણવાન જુવાન કન્યા કળાવતી ને તેની શીખવા આવી લીલાવતી સુતી હતાં, તેજ પડમાં આશરો લીધો, કળાવતી ને

શીલાવંતી ગભરાટથી જાગી ઉઠ્યાં, પણ ચોરે કળાવંતીને કહ્યું ડરો નહી હું તમારા ભોળા બાપને દાનધર્મ શીખવવા આવ્યો છું. લ્યો આમાંની એક સોનામહોરની કોથળી તમે શુભ દાન પુન્ય કરજો રોક તો તમને મરતાં સુધી નહી આવે, એમ કહી એક કોથળી કળાવંતીના હાથમાં મુકી તે બારી તરફ નાઠો, કે જ્યાં એક ભયંકર સાપ લટકતો હતો.

ચોરની ઉદારતાના વર્તને કળાવંતીને મુગ્ધ કરી હતાં. તે સાંપ જોઈ ચીસ પાડી ઉઠી ઓ ઓ, ત્યાં સાપ છે.

કાળા કપડામાં સજ્જથયેલા રંગે ભાગે તે ચોરે હસી કહ્યું ગભરાશો નહી મારે બારીને દોરડું બાંધી કુદી પડવાની માથાકુટ મટી એમ કહી તે સાપનોજ દોરડાને સ્થાને ઉપયોગ કરી તે નીચે કુદી પડ્યો, ચોરની હીમ્મત પર ફીદા થતી ગુણને જાણનારી કળાવંતી મુગ્ધ થઇ, ત્યાં કોક

વાળ સીપાઇઓ ને ફૈઝળશા તે ખંડમાં ખસી આવ્યા પણ કોની માએ શેર સુંઠ ખાધી હોય કે તે બહાદુર ચોરની પાછળ જાય.

બીજે દીવસે સવારે ગામને ગોંદરે એક નોટીસ લાગી જેમાં જણાવ્યું હતું કે ખરેખરા પ્રમાણીક ને ગરીબ માણસોને કરજે રૂપીઆ જોઈતા હોય તો ભુતીયે વડલે સાંજકાળે કાળા ચોરને મળવું તે વગર વ્યાજે ને વગર જામીન ગીરીએ રૂપીઆ ધીરશે ખરેખરા ગરીબોએજ આવવું કપટથી આવનાર ઠાર થશે.

લીખીતંગ કાળો ચોર

શહેરમાં આ નોટીસે કોલાહલ મચાવ્યો પાણી ભરવા જતી મેના તે વાંચી બેડું પછાડતી કરજદાર બાપને ખબર કરવા રસ્તામાંજ ગંગાબાને આપી પાછા વળતાં કમળાબેન સાથ ચાવડી ચડી [illegible]

મળતાં આવી બંધ હૃદયના બારણાં ખુલી ગયા.

કમળાકરને પણ તે કન્યાની ઓચીંતી અથડામણ-કોમળ સ્પર્શ-કંઇક ગમ્યાં તે ઉભો રહ્યો. હસ્યો, મેનાંની આંખમાંથી અમીનો વરસાદ વરસ્યો તે જાય તે પહેલાં મેનાએ પુછ્યું તમે પરણ્યા છો કે?-ચાકર બોચી ખંજવાળી બોલ્યો મારા ભોગ લાગ્યા છે કે પરણું ને પરણું પણ કોની સાથે!

તે રંગીલાની રમુજમાં પણ મેનાંનું હૃદય તો પ્રેમને હર્ષથી ફાટું ફાટું થઇ ગયું, તેણે આસપાસ જોયું, શરમથી કમળાકરનો હાથ પકડયો મારી...સા...થે પણ તેજ વખત મહોલ્લામાં ભીક્ષા માંગવા નીકળેલો મેનાનો બાપ ત્યાં આવી પહોંચ્યો ને પ્રેમલીલા પડતી મુકાઇ, મેં બાપનો

હાથ પકડી કાળા ચોરે ચોડેલી નોટીશ વંચાવા તેડી ગઇ, કમળાકર પણ સાથે ગયો ને તે નોટીશ જે ઝાડ પર લાગી હતી તે ઝાડ આગળ આવી ઉભા રહેતાં એક કાળો આકાર તેના હાથમાં એક મોતીની માળા મૂકી દોડી ગયો. તેને દોડી જતો જોઇ કમળાકરે બુમ પાડી હા એજ કાળો ચોર લાગે છે, અજબ થવાની વાત હતી કે તેણે કમળાકરને પેલી મોતીની માળા ભેટ આપી હતી કમળા કરે કલ્પના કરી કે તેનાં અને મેનાનાં આંગળાના થતા પ્રેમ ઇસારા તે ચાલાક ચોરે જોયા હોય ને તેથી કદાચ ખુશ થઇ આ માળા મેનાં માટે ભેટ આપી હોય.

વાત પણ તેમજ હતી ચોરે ઝાડપા છળ છુપાઇ કમળાકરને મેનાનાં નોટીશ

વાંચતાં વાંચતાં રમતા આંગળાં જોઇ તે રસીક ચોરને મજાહે આવી હતી ને તેથી તે રાતની ચોરીમાં આવેલી એક કીમતી માળા ભેટ આપી તે નાસી ગયો, કમળાકરે હસી હ માળા મેનાંની ડોકમા પહેરાવી પોતે નોટીશ લઇ રાજાને દેખાડવા ઉપડી ગયો.

મેનાનાં હુદયનો હર્ષ તો હ્રદયમાં શમાતો નહી હતો તેણે આ માળાને વરમાળ ગણી હ્રદય સાથ ચાંપી જાણે કમળાકરને આલીંગન દેતી હોય એવું સુખ અનુભવ્યુ પરંતુ તેજ વખતે બાપે કહ્યું બેટી લાવ એ માળા મને આપ તે વેચીને અનાજ લઇ આવું ઘરમાં કંઇ નથી.

મેના વીચારમા પડી બુખમરાનો ભાસ ને પ્રીયતમે ભેટ આપેલી માળાની મોહીની

વચ્ચે તે ઝોકા ખાવા લાગી, આખર પ્રેમ ફાવ્યો, તે બોલી "ના બાપા તે ભેટની વસ્તુ મરતાં સુધી ન વેચાય, પણ અરેરે, તે બીચારી કોમળ બાળાને ક્યાંથી ખબર કે તે માળા હમણાંજ નરવીશાચ લહેણી વાત ફાકુળશા ખુંચવી જશે? ને તેમજ થયું, ધન ચોરાઇ ગયું થવાથી તે વધુ ક્રુર બનેલો શેઠીઓ ફાકુળશા બ્રાહ્મણ પાસે ઉઘરાણીએ આવ્યો ને મેનાની ડોકમાં માળા જોતાં લેણા પેટે તેણે તે ખુંચવી લીધી, મેનાની આંખો ચોધાર આંસુથી ટપકી રહી, પણ તેજ વખતે એક ચીઠ્ઠી આવી પડી, જેમાં ફાકુળશાને કાળા ચોરે તાકીદ કરી હતી કે "ખબરદાર એ માળા મેનાને પાછી આપ નહીં તો રાતના હું લુંટી જઇશ.

તે લોભી દીવાલની ઓથે છુપાઇ કાળા આકારે ફેંકેલી આ ચીઠ્ઠી વાંચીનેજ ગભરાઇ ગયો, છતાં તેના લોભે તેને ઉદાર બનવા ન દીધો એટલામાં ત્યાં થઇ કોટવાલ નીકળ્યો તેને પેલી ચીઠ્ઠી શેઠે વંચાવી ને કોટવાલ હીમ્મતથી બોલ્યો "ચીંતા નહી હાર મારી પાસે લાવો જોઉં છું એ રાતના કેમ લઇ જાય છે" એમ કહી હાર તેણે પોતાના સ્વાધીનમાં લીધો, પણ એજ વખતે બીજી ચીઠ્ઠી આવી કે 'હુશીયાર તારાથી રખાય તેટલી તકેદારી રાખજે રાતના હું એ હાર ઉઠાવી જઇશ.

લીઃ—ભીતંગ કાળો ચોર.

કોટવાળ કંપી ગયો, પણ તે છતાં હીમ્મત રાખી તે ચીઠ્ઠી ફેંકનાર આકાર

પાછળ દોડયો, પણ તે ચાલાક ચોર હવામાં મળી ગયો,

તેજ સાંજના ભુતીયે વડલે મેનાનો ગરીબ બાપ ને બીજી શાહુકારના કરજથી રીબાતા ગરીબો કાળા ચોરનું કરજ કાઢવા એકત્ર થયા. કાળા ચોરે ચોકસ વાયદે સર્વને વગર જામીનગીરીએ રકમો ધીરીને મેનાનાં બાપને બ્રાહ્મણ ગણી બક્ષીસ આપી, એટલામાં ગરીબોનાં વેષમાં કાળા ચોરને પકડવા રાજાના માણસો ત્યાં આવી પહોંચ્યા. કાળા ચોરે તેઓના પગલા પરથીજ તેઓનું કપટ પકડી પાડયું ને પોતાના સાથીતોને ઇશારો કરતાં તેઓએ તે સર્વ રાજસેવકોને પકડી લીધા.

કાળો ચોર તેઓને ભયંકર શીક્ષા કરે

એ પહેલાં મેનાં ત્યાં દોડતી આવી ને તે રાજસેવકોની ટોળીમાં સપડાયેલા કમળાકરને છોડવા કાળા ચોરને પગે પડી, કાળો ચોર પણ કમળાકરને જોઇ હસી બોલ્યો મહારાજ લાડુ ખાવાનું છોડી આ લડાઇ પર આવવાનું ક્યાંથી સુઝયું એમ કહી તેને છુટો કરી બાકીનાને સઘળાને ડુંગર ઉપર લઇ અંગુઠા પકડાવાની સજા સહન કરવા મોકલી આપ્યા પછી તે મેના તરફ જોઇ બોલ્યો બોલ બેન કાંઇ કહેવું છે?

તે છોકરી શરમથી બોલી હા હું એમને ચાહું છું પણ તે મારી કેટલીએક આજીજી છતાં લગ્ન કરવા ના કહે છે.

કાળા ચોરે હસી કમળાકર તરફ જોઇ કહ્યું કેમ બ્રાહ્મણભાઇ, આ પવીત્ર પ્રેમી

કન્યાની યાચનાનો અસ્વીકાર કરી શાસ્ત્રની આજ્ઞા ઉલંઘવી છે.

કમળાકર તો ચોરનું આવું વીરતા ભર્યું ભાષણ સાંભળી ચકીત થઇ ગયો હતો છતાં બોલ્યો ના મારે નથી પરણવું ?

કાચોરે તુરત હસતા હસતા કમરમાંથી છરો ખેંચી કાઢયો ને કહ્યું શું કહ્યું ? તે બ્રાહ્મણશાહતો છરો જોતાની સાથ આંખ મીંચી બોલ્યો ના–ના નહી પરણું ? પરંતુ તેજ વખતે કાળા ચોરે તેનો હાથ લઇ મેનાનો હસ્ત મેળાપ કરી દીધો ને પોતાની ગુફાનો રસ્તો લીધો એકાંત થતાં મેનાએ કમળાકરને ચુંબન લીધું ત્યારેજ તેને ખબર પડી કે પરણવાની મજાહ કેવી છે.

ચાલો એ એકાંતમાં રસના લુંટતા

કુમારી આપણે નિહાળવા રહેવું એ અવી વક કહેવાય આપણે કાળા ચોરની પાસે જઈએ, તે પોતાની ગુફામાં સૂતો હતો, એટલામાં એક કાળા બુરખામાં સજ થયેલી યુવતીએ તેને અટકાવ્યો, તે ચમક્યો, ને પુછ્યું તું કોણ છે?

સ્ત્રીએ બુરખો ઊંચો કરતાંજ ચોર આશ્ચર્યથી બોલી ઉઠયો, "કોણ કળાવતી, અત્યારે તું અહીં?—ને હા તે કોકિળશાની યુવાન અલેતી કન્યા કળાવતી હતી,

તે બોલી "હા હું આવી છું તમને વરવા? કેમકે મારા પીતાએ એક ગાંડા મુર્ખ પૈસાદારના પુત્ર સાથે મારાં લગ્ન કરી આપવાની ગોઠવણ કરી, જે તે કબુલ કરી, "હું તો કોઈ બહાદુર લડવૈયા [illegible] ને પરણવા ચાહું છું.

મારા બાપે બીજવાટમાંજ કહી દીધું કે "બત્રીશ લક્ષણો છે કાળો ચોર કોઇ વાણી આનો દીકરો તો નહી મળે,

મેં પણ વેગમાં ને વેગમાં કહી દીધું કે તો હું કાળા ચોરને પરણીશ, પરંતુ મૂર્ખ સાથ પરણી જીવન બરબાદ નહી કરીશ" બસ એ બોલાઇ ગયેલું વચન સીદ્ધ કરવા આપને વરવા આવી છું. માટે મારો સ્વીકાર કરો.

કાળો ચોર તો આ ચતુર કન્યાનું સાહસ જોઇ વીચારમાં પડી ગયો ને કહ્યુ 'પરંતુ હું ચોર છું તું ઉત્તમ કુળની કન્યા કંઇક વીચાર તો કર.'

કલાવંતી બોલી 'હા પણ ઉદારતા ને બહાદુરીને ગરીબો તરફની દયામાં શાળા કર્ણ કરતાં ચઢીઆતા છો,'

'તોપણ જો હું રંગે કાળો છું, કદરૂપો છુ' ચોરે વધતી કસોટી કરી.

કળાવંતી બોલી—કૃષ્ણ પણ કાળા હતા છતાં ગોરી ગોપીકાઓ તેને ચાહતા હતા, મેઘ પણ કાળો છે છતાં રૂપાળી વીજળી તેને જોઇ રીઝી નાચે છે, હું પણ આપને એમજ ચાહું છું ગુરુને પુજનાર પાસે રૂપકુરૂપની દલીલ નકામી છે માટે સ્વીકાર કરો.

કળાવતીના આટલા આગ્રહ છતાં પણ આ ચોરે કહ્યુ 'હું તેમ કરી શકું તેમ નથી એમ કહી ચાલવા માંડયું કે તુરત કળાવંતીએ નીશ્વાસ મુકી નજીકના કુવા તરફ જીવનનો અંત આણવા ચાલવા માંડયું, ચોરે તે જોયું ને આવીને એકદમ તેને પકડી લીધી ધીરજ આપી પોતાની ગુફામાં લઈ ગયો ને

કહ્યું 'કાલનો દીવસ જવાદે પછી હું તને વટનો નીર્ણય;આપીશ' એમ કહી તે કોટવાળના કબજામાંથી પેલો હાર ઉઠાવી લાવવા કળાવંતીને ગુફામાંજ રાખી ઉપડી ગયો.

કોટવાળે ઓરડીની વચ્ચે ખાટલો ઢાળી તે ઉપર છીંકું બાંધી તેમાં જળથી ભરેલી થાળીમાં એ હાર મૂક્યો હતો કે જેથી કાળો ચોર એ લેવા આવતા થાળી છલકાઇ પાણી પડતાં પોતે જાગૃત થઇ તેને પકડી લઇ શકે, કાળા ચોરે ઓરડીના છાપરા પર ચડી નળીયું ખસેડી તે જોયું ને થાળીનું પાણી હોકાની નળી વડે ચુસી લઇ હાર ઉઠાવી નાઠો પરંતુ એક પહેરેગીરનું ધ્યાન પડતાં તેણે બુમ પાડી પહેરીગરો પાછળ પડયા, આગળ ચોર એક જગ્યાએ આવી છુપાઇ

ગયો પહેરીગરો ત્યાંથી પસાર થઇ ગયા પછી તે જવાની તૈયારી કરતો હતો એટલામાં એક દાસીને છાનો ચાલી જતી જોઇ ને તેની હીલચાલને ચાલ પરથી આ ચતુર ચોરે સમજી લીધું કે મધરાત્રે કોઇ યારની શોધમાં જતી હોય એમ લાગે છે.

કાગા ચોરે તેને અટકાવી કહ્યું કેમ તું કોઇ યારને શોધે છે કે તે ચાલાક દાસી આ ચોરની ચતુરાઇથી અજબ થઇ બોલી તું ખરેખર કોઇ ચતુર લાગે છે હું મારી બાઇ માટે તું ધારે છે તેમ કોઇ ચતુર યાર શોધું છું તું આવીશ?

ચોર કંઇ ઉંડા વિચારમાં પડયો ને બોલ્યો હા ચાલ હું આવું છું—તે તેની સાથે ગયો દાસી તુરત કસ્તુરચંદની હવે-

લીમાં દાખલ થઇ ચતુર ચોરને અંદર લીધો.

નાગો ઉપરની મેડી પર જોયું તો ખુદ કસ્તુરચંદની સતી સ્ત્રી શશીકળાજ કામાતુર થઇ ચોરનો સંગ કરવાની ઇચ્છાથી શણગાર સજી ઉભી હતી અને ખરેખર રાજાની કપટ બુદ્ધિ ને મદનરસ પીતાં સતીની આ હાલત થઈ હતી છતાં આવી મનોદશામાં એ તેને પતીનાં વચનો યાદ આવ્યાં હતાં કે કોઇ ચતુરનો સંગ કરજે ને તેથી દાસીને કોઈ ચતુર નરને લઇ આવવા કહ્યું.

દુષ્ટ રાજા છુપા વેશમાં તે રાત્રે તે ઘરની નજદીક ભટકતો હતો, તેની દાસી બોલાવી લાવી કસ્તુરચંદની સ્ત્રી એક પાણીનો અધુરો ઘડો મોકલી સમશ્યામાં તેની પરીક્ષા કરી. તો રાજા ગમાર માલુમ

પડવાથી તેને ધક્કા મારી બહાર કાઢી બીજાને લાવવાનું કહેતાં દાસી ઉપર મુજબ કાળા ચોરને લઇ આવી હતી, બહાર છુપા યેલા રાજાએ ચોરને અંદર જતાં જોયા. ને તુરત તે બહાર નીકળતાં પકડી લેવાની ને શેઠાણી સાથના તેના સમાગમની વાત લોકો સમક્ષ જાહેર કરાવી તેણે કરતુંરચં હતું પાણી ઉતારવાની ગોઠવણ કરી.

જ્યારે આ બાજુ અંદર ગયેલા ગુણ-વાન ચોરે શેઠાણીની સાસુરયા પુરી કરી પોતાની ચતુરાઇની ખાત્રી આપતાં મદન રસથી વ્યાકુળ થયેલી શેઠાણી ચોરનો સમાગમ કરવા તૈયાર થઇ, પરંતુ પવીત્ર ચોરે તેની પરાધીનતા આસપાસના સંજોગથી સમજી જઇ સમાગમ પહેલા તેને કહે જ ગે

ન્હાવા કહ્યું—ઠંડા જળનો સ્પર્શ થતાં મદન રસનો નીશો દુર થયો, ને શેઠાણીને પોતાનું શીયળ બચાવા બદલ ચોરને પગે પડી, ચોરે તેણીને આ વાત કોઇને નહી કહેવાનું વચન આપી, રૂખસદ લીધી. પરંતું અફ્સોસ બહાર આવતાંજ રાજાનાં માણસોએ તેને પકડી લીધો અને સવારમાં તેને સુળી પાસે ઉભો કીધો,

રાજાએ કહ્યું સવ ટોળે મળેલા લોકોની સમક્ષ 'આ બહાદુર ચોર ગઇ રાત તે ક્યાં વીતાવી? એ જો સર્વ સાંભળે તેમ જાહેર કર, તો હું તને જીવતો છોડું?—ચોરે કહ્યું 'ઓ રાજા હું તે મરતાં સુધી નહી કહીશ' રાજાએ તુરત તેને શુળીએ ચઢવા આજ્ઞા કરી, એજ વખતે ગુફામાં રહેલી કબાવું

તીને ખબર પડતાં તે ગુણ પુંજી ને મનથી ચોરને વરી ચુકેલી સુંદરી દોડતી આવી ને ચોરની સાથે પોતે પણ મરવા તૈયાર થઇ.

ત્યાં ઉભી રહીને જોતી શશીકળાની દાસીએ આ કરૂણાજનક દેખાવ જોયો ને દોડી જઇ પોતાની શેઠાણીને વાત કરી કે બાઇ તમારી ઇજ્જત રાખવા ચોર ને તેની યુવાન ધણીયાણી મરે છે.

શશીકળાને પોતાની જાત માટે ધીક્કાર આવ્યો તે સતીએ તુરત કંઇ નીશ્ચય કર્યો ઝેર પાયેલી અંગુઠી પોતાની સાથે લીધી ને ચોરને શુળીએ ચઢાવે એ પહેલાં આવી શુળીના મેદાનમાં ઉભા રહી ને રાજા અને લોકો સાંભળે તેમ રાતવાળો બનાવ કહી દેખાડી પોતાની પવીત્રતાની ખાત્રી આપી

ઝેરની અંગુઠી ચુસી ત્યાંજ મુડદું થઈ પડી.

એજ વખતે ચોર–કાગોચોર ચીસ પાડી દોડયો–તેણે તે મરતી સતીને પોતાના ખોળામાં ઝીલી લીધી, ને કહ્યું 'અરે સતી સતી તું જરા મારા તરફ જો હું કોણ છુ? પણ અફસોસ તે ચોર પોતાની ઓળખ આપે એ પહેલાં તો સતીનો પ્રાણ પરલોકે પહોંચી ગયો, રાજાના કપટથી થયેલા માનસીક પાપનું પ્રાયશ્ચીત કરવા ઉપડી ગયો.

થયું સતીની હત્યાથી દૂખીયા તળા-વના જળ સુકાયા, લોકો પાણી વગર તર ફડવા લાગ્યા. જોશીએ કહ્યું 'બત્રીશ લક્ષણા દંપતીનો ભો ગ ચઢે તો વરૂણદેવ પાણી આપે

તુરત બત્રીશ લક્ષણા કાળા ચોરે ને તેની પ્રીયતમા કળાવંતીએ આ બીડું

ઙડંખ્યું લોકોને સુખી કરવા લગ્નના બાંધેલા મીંઢાળ સાથ તળાવમાં પ્રવેશ કર્યો, તળાવમાં પાણી છુટયા ધીમે ધીમે પાણી તે ગુણવાન દંપતી ઉપર ફરી વળ્યાં,

આવો જુઓ તે ચોર કોણ હતો, ને આવા દૈવીસોગ ને અંતે તે મૃત્યુને જીત્યો કે કેમ ? તે પડદાપર

સમાપ્ત.

મુદ્રક—છોટુભાઇ ઝીણાભાઇ દેશાઇ.
મુદ્રણાલય—શ્રી કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, ટાવર રે
સુર